યુવા પેઢી આબોહવાની ચિંતાના રોગનો ભોગ બની છે

આજની યુવાપેઢી બેકારી અને ગરીબીની ચિંતાનો ભોગ બની છે. હવે તેમાં પર્યાવરણ અને પ્રદૂષણને કારણે એક નવતર ચિંતાનો ઉમેરો થયો છે. યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ પ્રોગ્રામ (UNEP) એ ૨૦૨૪ માં 'નેવિગેટિંગ ન્યૂ હોરાઈઝન્સઃ અ ગ્લોબલ ફોરસાઈટ રિપોર્ટ ઓન પ્લેનેટરી હેલ્થ એન્ડ હ્યુમન વેલ-બીઈંગ' નામનો પોતાનો રિપોર્ટ બહાર પાડ્યો, ત્યારે તેણે ચેતવણી આપી હતી કે વિશ્વભરના યુવાનોમાં ઈકો-એન્ઝાયટી નામનું સંકટ ઝડપથી ઊભરી રહ્યું છે. તેની વ્યાખ્યા આબોહવામાં પરિવર્તનને કારણે પેદા થતી સમસ્યાઓ અથવા આબોહવા સંબંધિત ચિંતા તરીકે પણ કરવામાં આવે છે. યુવાનોમાં આ નકારાત્મક લાગણી પર્યાવરણીય અધોગતિ અને આબોહવા પરિવર્તન દ્વારા ઉભા થયેલા જોખમોમાંથી ઉદ્ભવે છે. UNEP રિપોર્ટમાં યુવાનોમાં આબોહવા ચિંતાને દરેકની નજર સમક્ષ કટોકટી તરીકે વર્ણવવામાં આવી હતી અને ચેતવણી આપવામાં આવી હતી કે તે ભવિષ્યની પેઢીઓ પર લાદવામાં આવી રહેલી ભાવનાત્મક આપત્તિ છે. આ અસ્વસ્થતાના પુરાવા દરેક જગ્યાએ દેખાય છે. ડાઉન ટુ અર્થ મેગેઝિન દ્વારા ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૫માં ૧૬ થી ૨૫ વર્ષની વયના ૩૦૦થી વધુ યુવાનોમાં એક સર્વે કરવામાં આવ્યો હતો, જે ૨૧મી સદીની પ્રથમ પેઢી હતી. આનાથી જાણવા મળ્યું કે યુવાનોમાં પર્યાવરણીય ચિંતા કેટલાં ઊંડાં મૂળ ધરાવે છે. લગભગ ૮૮% યુવાનોએ કહ્યું કે તેઓ તેમની આસપાસ આબોહવામાં પરિવર્તન અનુભવી રહ્યા છે, જેમાંના ૬૭% લોકોએ કહ્યું કે આ ફેરફારો પહેલાથી જ તેમની દૈનિક જીવનશૈલીને અસર કરી ચૂક્યા છે.

આ બોહવા પરિવર્તન પર નજર રાખતા અભ્યાસો દર્શાવે છે કે છેલ્લાં ૨૫ વર્ષોમાં જન્મેલી પેઢીએ ક્યારેય સામાન્ય વાતાવરણનો અનુભવ કર્યો ન હોઈ શકે. ગરમીનાં મોજાંથી લઈને ચક્રવાત અને પૂર સુધી, પૃથ્વીની ગતિશીલતા બદલાઈ ગઈ છે. યુવાનો આને પહેલાં કરતાં વધુ તીવ્રતાથી અનુભવી રહ્યા છે. ઝુરિચ યુનિવર્સિટી ખાતે વાતાવરણીય અને આબોહવા વિજ્ઞાન સંસ્થાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને યુએન આબોહવા વિજ્ઞાન વિશ્લેષણના મુખ્ય લેખક ઈરેન ફિશરે જણાવ્યું હતું કે હાલમાં આબોહવા સ્ટેરોઈડ્સ પર રહેલા એક ખેલાડીની જેમ કાર્ય કરી રહી છે. ક્લાઈમેટ સેન્ટ્રલ, જે વૈજ્ઞાનિકો અને પત્રકારોની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે આબોહવા પરિવર્તનના અહેવાલ અને સંશોધન કરે છે, તેના વૈજ્ઞાનિકો કહે છે કે ફેબ્રુઆરી ૧૯૮૬ કે તે પછી જન્મેલા કોઈપણ વ્યક્તિએ એક પણ મહિનો સામાન્ય તાપમાન સાથે જોયો નથી. ત્યારથી દરેક મહિનો સરેરાશ કરતાં વધુ ગરમ રહ્યો છે. યુવાનો વધતાં વાયુપ્રદૂષણને કારણે પેદા થતાં શ્વસન તંત્રના રોગોને કારણે પણ ચિંતિત જણાય છે. યુવાનો કયા ફેરફારોને આબોહવા પરિવર્તન સાથે સાંકળે છે? ડાઉન ટુ અર્થના ઓપિનિયન પોલમાં નવ લક્ષણોની યાદી આપવામાં આવી હતી. યુવાનો એક કરતાં વધુ વિકલ્પોમાંથી પસંદગી કરી શકતા હતા, જેમાં ખરાબ હવામાનથી લઈને વધતા તાપમાન અને જંતુનાશકોમાં વધારો સામેલ હતો. બે તૃતીયાંશથી વધુ ઉત્તરદાતાઓએ આબોહવા પરિવર્તનને ઊંચા તાપમાન અને અકાળ ગરમી અથવા વરસાદ સાથે જોડ્યું હતું. લગભગ ૪૦% લોકોએ તેને ધુમ્મસવાળા દિવસો સાથે જોડ્યું હતું, જ્યારે ૩૬% લોકોએ ખોરાકની ગુણવત્તામાં ફેરફારને આબોહવા પરિવર્તનના સંકેત તરીકે ટાંક્યું હતું. ૩૮% ઉત્તરદાતાઓએ ભારે ઠંડીને આબોહવા પરિવર્તનનું લક્ષણ પણ માન્યું હતું અને ૩૨% લોકોએ તેને આપણા રોજબરોજના આહારમાં વધી રહેલા જંતુનાશકોના પ્રમાણ સાથે જોડ્યું હતું. તેમને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે શું આબોહવા પરિવર્તન વિવિધ આર્થિક વર્ગોને અલગ રીતે અસર કરે છે? જવાબમાં ૬૧% યુવાનોએ કહ્યું કે તે સમાજના તમામ વર્ગો શ્રીમંત, ગરીબ અને મધ્યમ વર્ગને સમાન રીતે અસર કરે છે. જો કે, અસમાન અસરોમાં માનતા લોકોમાં સ્પષ્ટ સર્વસંમતિ હતી કે તેમાં ગરીબો સૌથી વધુ પીડાય છે. જાતિઓ વિશે મંતવ્યો વધુ સમાન હતાં. લગભગ ૯૦% ઉત્તરદાતાઓએ કહ્યું કે આબોહવા પરિવર્તન પુરુષો અને સ્ત્રીઓને સમાન રીતે અસર કરે છે.

યુવાનો પર આબોહવાવિષયક ચિંતાઓનો ભાવનાત્મક બોજો સ્પષ્ટપણે દેખાય છે. ઉત્તરદાતાઓને છ વિકલ્પોમાંથી આબોહવા પરિવર્તન વિશેની તેમની લાગણીઓ પસંદ કરવાનું કહેવામાં આવ્યું હતું: ભયભીતતા, ચિંતા, ગુસ્સો, લાચારી, દગો અને ઉદાસીનતા. તેમને એક કરતાં વધુ વિકલ્પો પસંદ કરવાની છૂટ આપવામાં આવી હતી. યુવાનોના જવાબમાં તેમાંની બધી લાગણીઓને વ્યાપક સમર્થન મળ્યું હતું, જે આબોહવાની ચિંતાની ઊંડાઈને પ્રતિબિંબિત કરે છે. ૫૭% ઉત્તરદાતાઓએ પોતાને ચિંતિત, ૫૪% એ લાચાર અને ૪૩% એ ડરેલા અને ઉદાસ તરીકે વર્ણવ્યા. ઘણા લોકોએ ગુસ્સો અને દગો થયો હોવાની લાગણી પણ વ્યક્ત કરી હતી. યુવાનો આબોહવા પરિવર્તન બાબતમાં તેમના ભવિષ્ય વિશે ભયભીત રહે છે. લગભગ ૫૩% યુવાનોને ડર છે કે આબોહવા પરિવર્તનથી રોગો વધશે, ત્રીજા ભાગથી વધુ લોકોને ખોરાકની અછત પેદા થવાનો ડર છે અને ૪૫% લોકોને પાણીની અછતનો ડર સતાવી રહ્યો છે. ૯૪% ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ આબોહવા પરિવર્તનને કારણે તેમના ભવિષ્ય વિશે ચિંતિત છે. અડધા લોકોએ આ મુદ્દા પર સરકારના પગલાંને નિરાશાજનક ગણાવ્યાં હતાં. કેટલાક નિષ્ણાતો દલીલ કરે છે કે આવી પ્રતિક્રિયાઓ સંપૂર્ણપણે તર્કસંગત છે. બાળકોની ચિંતાઓ સંપૂર્ણપણે વાજબી છે, કારણ કે તેઓ સરકારો તરફથી આબોહવા પરિવર્તન પ્રત્યે અપૂરતી પ્રતિક્રિયા જોઈ રહ્યા છે. આબોહવા ચિંતા પરના એક મુખ્ય અભ્યાસના સહ-લેખક યુનિવર્સિટી ઓફ બાથના કેરોલિન હિકમેન કહે છે કે વિશ્વભરનાં બાળકો અને યુવાનો સરકારોને જાગ્રત કરી રહ્યા છે અને તેમને કોર્ટમાં પણ લઈ જઈ રહ્યા છે. આ યુવાનો દલીલ કરે છે કે આબોહવા પરિવર્તન પર કાર્યવાહી કરવામાં નિષ્ફળતા માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. જે દિવસે યુવાનો પર્યાવરણ માટે આંદોલન કરશે તે દિવસે સોનાનો સૂરજ ઉગશે●

આબોહવા પરિવર્તન પર નજર રાખતાં અભ્યાસો દર્શાવે છે કે છેલ્લાં ૨૫ વર્ષોમાં જન્મેલી પેઢીએ ક્યારેય સામાન્ય વાતાવરણનો અનુભવ કર્યો ન હોઈ શકે. આ યુવાનો દલીલ કરે છે કે આબોહવા પરિવર્તન પર કાર્યવાહી કરવામાં નિષ્ફળતા માનવ અધિકારોનું ઉલ્લંઘન છે

ટાઈમ લાઈન

-સંજય વોરા

નિષ્ક્રિયતામાં છુપાયેલું આધુનિક જીવનનું સત્ય

સૅમ્યુઅલ બૅકેટનું

'વેઇટિંગ ફૉર ગોદો'

વિશ્વ સાહિત્ય અને નાટ્યજગતમાં અમુક એવી કૃતિઓ હોય છે જે પરંપરાગત માળખાઓને તોડીને એક નવો જ ચીલો ચાતરે છે. આયરિશ-ફ્રેન્ચ નાટ્યકાર અને નોબેલ પારિતોષિક વિજેતા સૅમ્યુઅલ બૅકેટનું નાટક 'વેઇટિંગ ફૉર ગોદો' આવી જ એક ક્રાંતિકારી કૃતિ છે. 'થિયેટર ઑવ્ ઍબ્સર્ડ' (વિસંગતતાનું નાટક)ના પ્રતિનિધિ ગણાતા આ નાટકે રંગભૂમિની વ્યાખ્યા બદલી નાખી છે.

આ એક દ્વિઅંકી 'ટ્રેજિકૉમેડી' છે, જેમાં હાસ્ય અને કરુણતાનો અનોખો સંગમ છે. નાટકની શરૂઆત એક વેરાન રસ્તે, એક પાન વિનાના સૂકા ઝાડ પાસે થાય છે. બે મુખ્ય પાત્રો એસ્ટ્રેગૉન (ગોગો) અને વ્લાદિમિર (દીદી) કોઈ 'ગોદો' નામની વ્યક્તિની પ્રતીક્ષા કરી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે તેઓ ગોદોને ક્યારેય મળ્યા નથી, તે કેવો દેખાય છે તેની તેમને ખબર નથી, છતાં તેની પ્રતીક્ષા જ તેમના જીવનનું એકમાત્ર પ્રયોજન બની જાય છે.

નાટકમાં સમય પસાર કરવા માટે તેઓ વ્યર્થ વાતો કરે છે, ઝઘડે છે, બાઇબલના સંદર્ભો ટાંકે છે અને આત્મહત્યાના વિચારો પણ કરે છે. તેમની આ નિરર્થકતા વચ્ચે પોત્ઝો અને લકી નામના બે પાત્રોનો પ્રવેશ થાય છે, જે માલિક અને ગુલામની વિકૃત માનસિકતા રજૂ કરે છે. નાટકનો અંત પણ કોઈ નિષ્કર્ષ વગર આવે છે, જ્યાં બંને પાત્રો 'ચાલ જઈએ' એમ કહે છે ખરા, પણ તેમના પગ ત્યાં જ જકડાયેલા રહે છે.

આ નાટક પરંપરાગત નાટકો કરતા સાવ અલગ છે કારણ કે નિશ્ચિત કથાનકનો અભાવઃ અહીં કોઈ વાર્તા આગળ વધતી નથી. જે પ્રથમ અંકમાં થાય છે, લગભગ તે જ પુનરાવર્તન બીજા અંકમાં થાય છે. અહીં સંવાદો અર્થપૂર્ણ ચર્ચાને બદલે કેવળ 'ઉક્તિઓ' બનીને રહી જાય છે. પાત્રો ઘણી વાર એકબીજાની વાત સાંભળતા નથી અથવા સમજી શકતા નથી, જે આધુનિક યુગના સંવાદ-શૂન્યતા ને દર્શાવે છે. પાત્રોના જે સંવાદો છે કે પણ સમય પસાર કરવા માટે આવે છે, તેનો કોઈ અર્થ હોતો નથી છતાં આ નાટકમાં તમે જોઈ શકો છો કે તે આધુનિક સમયના માનવોનું દર્શન કરાવે છે.

કથાનક સીધી રેખામાં ચાલવાને બદલે એક જ બિંદુ પર ફર્યા કરે છે. આ જીવનની એકધારી અને અર્થહીન દિનચર્યાનું પ્રતીક છે.

બૅકેટે પાત્રોને જોડીમાં રજૂ કર્યા છે, જે માનવ સ્વભાવના બે પાસાં સૂચવે છે:

દીદી અને ગોગોઃ આ જોડી મૈત્રી અને સહજીવનનું પ્રતીક છે. તેઓ એકબીજા વગર રહી શકતા નથી, છતાં સાથે રહીને કંટાળે છે.

પોત્ઝો અને લકીઃ આ જોડી સત્તા અને શોષણનું પ્રતીક છે. પોત્ઝો ક્રૂર માલિક છે અને લકી મૂંગો ગુલામ. બીજા અંકમાં પોત્ઝોનું આંધળું થવું અને લકીનું બહેરો થવું એ માનવ અધોગતિની પરાકાષ્ઠા છે. અહીં તને જોવો તો અંગ્રેજીમાં શબ્દ વપરાયેલો છે 'GODOT' તેનો ખાસ અર્થ છે. GOD એટલે ભગવાન-ઈશ્વર તે સરળ રીતે સમજી શકાય છે, પરંતુ જે GODOT શબ્દ પાછળના બે અક્ષર 'OT' તે 'IDIOT' (મૂર્ખ) તેમાં વ્યંગ કરેલો સાફ સાફ જોઇ શકાય છે. ગોદો કોણ છે? વિવેચકોએ ગોદોને ઈશ્વર, મૃત્યુ, મુક્તિ અથવા કોઈ અગમ્ય શક્તિ તરીકે ઓળખાવ્યો છે. પરંતુ બૅકેટનો ભાર 'ગોદો' પર નહીં પણ 'વેઇટિંગ' (પ્રતીક્ષા) પર છે. માણસ આખી જિંદગી કોઈક પરિવર્તનની કે ચમત્કારની રાહ જુએ છે અને એ રાહ જોવી એ જ અસ્તિત્વની કરુણતા છે.

આ નાટક ભજવવું એ દિગ્દર્શકો અને કલાકારો માટે હંમેશાં એક પડકાર રહ્યો છે.

અભિનયની શૈલીઃ નાટકને જીવંત બનાવવા માટે દિગ્દર્શકોએ માઇમ (મૂક અભિનય), સર્કસની હિલચાલ અને કોમેદિયા દેલાર્તે જેવી ટેક્નિકનો ઉપયોગ કર્યો છે.

સ્ટેજ પર માત્ર એક વેરાન ઝાડ અને એક પથ્થર હોય છે, જે પ્રેક્ષકોને પાત્રોની આંતરિક શૂન્યતાનો અનુભવ કરાવે છે.

૧૯૫૩માં પેરિસમાં પ્રથમ પ્રસ્તુતિ થયા બાદ લંડન અને અમેરિકામાં પણ આ નાટક ગાજ્યું હતું. ભારતમાં નાસીરુદ્દીન શાહ અને બેન્જામિન ગિલાનીની જોડીએ આ નાટકને અત્યંત પ્રભાવશાળી રીતે રજૂ કર્યું છે. ગુજરાતીમાં કવિ હસમુખ પાઠક અને સુમન શાહના અનુવાદો દ્વારા આ નાટક સ્થાનિક રંગભૂમિ સુધી પહોંચ્યું છે.

'વેઇટિંગ ફૉર ગોદો' માત્ર એક નાટક નથી, પણ આધુનિક માનવીની લાચારી, નિષ્ક્રિયતા અને અર્થહીનતાનો દસ્તાવેજ છે. તે આપણને એવો અરીસો બતાવે છે જેમાં આપણે આપણી જ વ્યર્થ પ્રતીક્ષાઓને જોઈ શકીએ છીએ. બૅકેટ આપણને સમજાવે છે કે જીવનમાં કદાચ કોઈ 'ગોદો' આવવાનો નથી, છતાં પ્રતીક્ષા કરવી એ જ જીવનનું અનિવાર્ય સત્ય છે.

ગોદોના વિવિધ ઘણા અર્થઘટનો થયા છે જેમ કે કોઇ ઈશ્વર માને છે, ભગવાન છે અને તેની પ્રતીક્ષા કરતા રહે છે. ભગવાન મળે છે કે નહીં તે એક પ્રશ્ન તો છે જ!

એટલે તો કેટલાકના મતે ગોદો એટલે મૃત્યુ! એટલે કે જીવનની વાસ્તવિકતા દર્શાવે છે. જન્મથી જીવ મૃત્યુના ડરને મનમાં ભરીને જીવતો હોય છે તે આવે છે તે નક્કી કેમ કે કોઇ અમર નથી, જેનો જન્મ થયો તે મરવાનું તે નક્કી જ છે!

હવે કેટલાક લોકો ગોદોને ન ભગવાન માને છે અને ન તો મૃત્યુ! કેમ કે મૃત્યુ તો ચોક્કસ આવે જ છે. પણ નાટકની દૃષ્ટિએ જોઈએ તો તે કોઇ આવતું નથી એટલે તેનો મતલબ કે નાટ્યકારે મૃત્યુનો સંદર્ભ તો દર્શાવતા નથી! તો હવે બચ્યું શું? એટલે કેટલાક લોકો ગોદો એટલે ભ્રમ? તે વિચારવું રહ્યું!

'વેઇટિંગ ફૉર ગોદો' માત્ર એક નાટક નથી પણ આધુનિક માનવીની લાચારી, નિષ્ક્રિયતા અને અર્થહીનતાનો દસ્તાવેજ છે. તે આપણને એવો અરીસો બતાવે છે જેમાં આપણે આપણી જ વ્યર્થ પ્રતીક્ષાઓને જોઈ શકીએ છીએ. બૅકેટ આપણને સમજાવે છે કે જીવનમાં કદાચ કોઈ 'ગોદો' આવવાનો નથી, છતાં પ્રતીક્ષા કરવી એ જ જીવનનું અનિવાર્ય સત્ય છે

આ નાટક મૂળ ફ્રેન્ચ ભાષામાં સન 1947થી સન 1949 દરમિયાન લખાયું અને સ્વયં લેખકે કરેલો તેનો અંગ્રેજી અનુવાદ સન 1952માં પ્રકાશિત થયો.

વિખ્યાત દિગ્દર્શક રોજર બ્લિન દ્વારા તેની પ્રથમ ભજવણી ફ્રેન્ચ ભાષામાં 5 જાન્યુઆરી, 1953ના દિવસે થઈ. જાણીતા દિગ્દર્શક પીટર હૉલના નિર્માણમાં આર્ટ્સ થિયેટર ક્લબ, લંડન ખાતે 3જી ઑગસ્ટ, 1955ના રોજ તેની પ્રથમ અંગ્રેજી ભજવણી થઈ. અમેરિકા ખાતે એલન સ્નાઈડરે મિયામી, ફ્લોરિડાના કોકોનટ ગ્રોવ પ્લેહાઉસમાં પ્રથમ વાર ભજવ્યું. વિવિધ દિગ્દર્શકોએ માઇમ, મ્યૂઝિક હૉલ, સરકસ, કોમેદિયા દેલાર્તે ટેક્નીક અજમાવી નાટકને લોકભોગ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

ભારતમાં પણ અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાંતીય ભાષાઓમાં તેની સફળ ભજવણી થઈ છે. નાસીરુદ્દીન શાહ અને બેન્જામિન ગિલાનીના અભિનયની જુગલબંધીથી અંગ્રેજી પ્રસ્તુતિ યાદગાર બની હતી. 'કોરસ' દ્વારા નિમેષ દેસાઈના નિર્દેશનમાં આ નાટકનો કવિ હસમુખ પાઠકે કરેલો ગુજરાતી અનુવાદ ભજવાયો હતો અને ઓરિસામાં યોજાયેલા રાષ્ટ્રીય નાટ્યમહોત્સવમાં તેને બીજું ઈનામ પ્રાપ્ત થયું હતું. આ નાટકનો સુમન શાહે કરેલો અનુવાદ પણ પ્રસિદ્ધ થયેલ છે.●

કર્ટનકોલ

શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. માડ



આડી ચાવી

૧. જેની ઉપર ગામ વસ્યું હોય તે જગ્યા (૪)
૩. સરોવર, તળાવ (૩)
૫. મદદ (૩)
૭. રીસ, ગુસ્સો (૨)
૮. કથા, છંદબદ્ધ વાર્તા (૨)
૯. સમુદ્ર, દરિયો (૩)
૧૦. શોધ, તપાસ (૩)
૧૧. ઝાડ અને વેલાઓની ઘટાવાળી જમીન (૩)
૧૩. રડારોળ, આક્રંદ (૩)
૧૪. પાલવ, છેડો (૩)
૧૫. દોરડાં નાચનાર (૨)
૧૭. ઉપાય, ઈલાજ (૨)
૧૮. છડીદાર, ચોબદાર (૩)
૧૯. લગ્ન, લગની (૩)
૨૧. જુસ્સો, બળ (૨)
૨૨. ધૂળ (૨)
૨૪. તક (૨)
૨૬. લીન, ડૂબેલું (૨)
૨૭. હશે, છો ને (૨)
૨૮. ચરબી, તોફાન (૫)
૩૦. વેલ (૨)
૩૧. સોનું (૨)
૩૨. દાન આપનાર (૨)
૩૩. પાછું (૩)
૩૬. અંકુશ (૩)
૩૯. નમેલું (૨)
૪૧. મોટી સંખ્યામાં નાણું (૩)
૪૨. મીઠું (૩)
૪૩. રાજનીતિ (૨)
૪૪. જૂઠ બોલવાની ટેવવાળું (૩)
૪૫. ચિત્ર, છબી (૪)
૪૬. મીઠું (૪)
૪૮. નાશકારક આફત (૨)
૪૯. પૃથ્વી (૨)
૫૦. પરાજય (૨)
૫૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૫૩. મશગૂલ, તલ્લીન (૪)
૫૫. હોડી (૨)
૫૭. રમતમાં આવતો વારો (૨)
૫૮. મીઠું, નમક (૩)
૬૧. આદમી (૨)
૬૨. વગાડવું તે (૩)
૬૩. અવસ્થા, સ્થિતિ (૩)
૬૫. એક રૂપાળું પક્ષી (૨)
૬૬. બટન ઘાલવાનું નાકું (૨)
૬૭. વિદ્યુત, વીજળી (૨)
૬૯. નમે નહિ એવું (૪)
૭૧. રોકડું (૩)
૭૨. બદદુવા (૨)
૭૩. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૭૪. રાજા (૨)
૭૫. એક સુગંધી પદાર્થ (૩)
૭૬. સદ્વર્તન (૨)

ઊભી ચાવી

૧. આશરે અઢી કિલોમીટર (૨)
૨. ગંભીર, ડાહ્યું (૩)
૩. નકામી ભાંજગડ (૫)
૪. પાંચમું પાતાળ (૪)
૫. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૬. એક જાતની વનસ્પતિ (૫)
૭. ચળકતું, જાહેર (૩)
૧૧. નિવારનારું (૪)
૧૨. આદમી (૨)
૧૬. સહેજ ઈશારો કે સૂચના (૩)
૨૦. ચાલ, ઝડપ (૨)
૨૩. વૃધ્ધ (૩)
૨૫. ભૂલભરેલું (૩)
૨૬. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૭. દોલત (૨)
૨૮. મોટું (૩)
૨૯. દીવો (૩)
૩૨. કિંમત, મૂલ્ય (૨)
૩૪. ખેલ (૩)
૩૫. રાંક, સાંકડા મનનું (૩)
૩૭ અલોપ (૩)
૩૮. ઘોડો (૨)
૪૦. ઉત્કટ ઈચ્છા, તાલાવેલી (૩)
૪૧. રડવા જેવું (૪)
૪૨. નવું, નવીન (૪)
૪૩. રગ, રક્તવાહિની (૨)
૪૬. નજર, યાદદાસ્ત (૩)
૪૭. સુંદર સ્ત્રી (૨)
૪૮. કુમળું (૩)
૫૧. અવાજ (૨)
૫૨. રેતીનું મેદાન (૨)
૫૪. થોડા વાળની સેર (૨)
૫૬. પ્રથા, ધારો (૩)
૫૭. દાન આપનાર (૪)
૫૯. મોટી નાવ (૩)
૬૦. નિર્ણય, ઉકેલ (૨)
૬૩. હિમત (૨)
૬૫. લાડુ (૩)
૬૬. દૂધ દેતું એક ચોપગું પ્રાણી (૨)
૬૮. ઘા, શારીરિક ઈજા (૩)
૬૯. દુશ્મન (૨)
૭૦. સરોવર કે પર્વત પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૭૨. ફૂલો વગેરેની માળા (૨)
૭૩. ઉમ્મર (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ